વલસાડના કોસંબા ગામમાં જર્જરિત જાહેર કરાયેલી જિ. પં.ની શાળાના જોખમી મકાનમાં આયુર્વેદિક દવાખાનું ચાલે છે

જર્જરિત શાળામાં ચાલતું દવાખાનું

તબીબો, કર્મચારીઓ અને દર્દીઓની જિંદગી સામે જોખમ

માર્ગ મકાન વિભાગ દ્વારા જોખમી સાબિત કરાયેલી શાળાના મકાનમાં આયુર્વેદિક દવાખાનું શરૂ કરવા મંજૂરી કોણે આપી?



દવાખાનાને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવા રજૂઆત કરી હતી

વલસાડ જિલ્લા આર્યુવેદિક અધિકારી ડો. ઉર્વીબેને જણાવ્યું કે, શાળાના જોખમી મકાનમાં ચાલતા આયુર્વેદિક દવાખાનાને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવા જિલ્લા વિકાસ અધિકારીને મળી રજૂઆત કરી હતી અને ટૂંકમાં સમસ્યા હલ કરાશે તેમ જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું.

તપાસ કર્યા બાદ વિગતો આપીશ

વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ મકાન કાર્યપાલક ઇજનેર ભાવેશ પટેલે જણાવ્યું કે, વિભાગ દ્વારા શાળાના મકાનને જર્જરિત જાહેર કરી બોર્ડ મારી દેવાયું હતું, તેવા સંજોગોમાં મકાનમાં આયુર્વેદિક દવાખાનું શરૂ કરવા મંજૂરી કોણે આપી તે તપાસ કર્યા બાદ વિગતો આપીશ તેમ જણાવ્યું હતું.

વલસાડ : રાજ્યમાં છેલ્લા થોડા સમયથી નવી જૂની ટાંકીઓ, પુલો તૂટવાની ઘટનાઓ બની રહી છે, ત્યારે વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના કોસંબા ગામ સ્થિત જિલ્લા પંચાયતના માર્ગ મકાન વિભાગ દ્વારા જર્જરિત જાહેર કરાયેલી જિ. પં. સંચાલિત મુખ્ય પ્રાથમિક શાળાના અત્યંત જોખમી મકાનમાં લાંબા સમયથી સરકારી આયુર્વેદિક દવાખાનું ચાલી રહ્યું છે. દવાખાનાના તબીબ, કર્મચારીઓ અને દર્દીઓની જિંદગી સામે જોખમ ઊભું કરી રહ્યા છે. ત્યારે મહત્વનો પ્રશ્ન અહીં એ ઉપસ્થિત થાય છે કે, માર્ગ મકાન વિભાગ દ્વારા શાળાના મકાનને જોખમી હોવાનો રિપોર્ટ આપી મકાન જોખમી હોવા અંગેનું બોર્ડ પણ મારી દેવાયું હતું. ત્યારે જોખમી મકાનમાં આયુર્વેદિક દવાખાનું શરૂ કરવાની મંજૂરી કોણે આપી? ક્યાં વર્ષમાં આપી? કોના આદેશથી અપાઈ તે તપાસનો વિષય બન્યો છે. જર્જરિત મકાન તૂટવાની દુર્ઘટના સર્જાઈ તો જવાબદારી કોની નક્કી થશે એ પણ પ્રશ્ન અહીં ઉપસ્થિત થાય છે.

સોલાર પ્રોજેક્ટથી ગણદેવી પાલિકાને ૨૨ લાખની બચત થઈ

ગણદેવી પાલિકાનું ૧૨.૪૦ કરોડની પુરાંતવાળું ૩૫.૨૯ કરોડનું બજેટ મંજુર

કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી પાલિકાના બજેટની સામાન્ય સભા પાલિકા સભાખંડમાં મળી હતી. એજન્ડાના ૦૯ અને વધારાનાં ૦૩ મળી ૧૨ કામો મંજુર કરાયા હતા. જે બાદ વર્ષ ૨૦૨૬-૨૭ નું રૂપિયા ૩૫.૨૯ કરોડનું અને ૧૨.૪૦ કરોડ પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું. જેમાં ગ્રાન્ટમાંથી ધોબી તળાવની કાયાપલટ અને સ્પોર્ટ્સ ક્લબનું સ્વપ્ન સાકાર થશે.

ગણદેવીનું રૂપિયા ૩૫,૨૯,૦૭,૬૪૪ નું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં ઉઘડતી સિલ્ક ૧૨,૪૦,૧૮,૫૨૧ ટેક્ષ કરવેરા સહીતની સ્વ ભંડોળ મળી રૂપિયા ૨૦,૯૭,૩૨,૩૧૦ ની આવક દર્શાવવામાં આવી હતી. જ્યારે ખર્ચ પેટે રૂપિયા ૨૨,૮૮૮૯૧૨૩ ખર્ચ અંદાજી રૂપિયા ૧૨,૪૦,૧૮,૫૨૧ ની પૂરાંત દર્શાવી હતી. આવક પેટે મ્યુનિસિપલ કરવેરા અને ફી રૂપિયા ૨૫૬૬૬૭૪૩, ગ્રાન્ટ અને લોનની આવક રૂપિયા ૧૭૦૬૪૪૬૦૦ અંદાજવામાં આવી છે. બજેટને ૧૮ સભ્યોએ બહાલી આપી હતી. પ્રમુખ ભાવેશ પટેલે ગણદેવીનાં વિકાસને વધુ ગતિ પ્રદાન થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કારોબારી ચેરમેન નિરવ સગરે બજેટ સર્વાંગી વિકાસલક્ષી ગણાવ્યું હતું. પાલિકા સભ્ય કેયુર વશીએ પાલિકા સતત સધ્ધરતા તરફ આગળ વધી રહી છે. ઉઘડતી સિલક ૯ કરોડથી ૧૪ કરોડે પહોંચી છે. જે અભિનંદનને ગણાવી હતી. સોલાર પ્રોજેક્ટને પગલે વર્ષે ૨૨ થી ૨૪ લાખની બચત થઈ છે. આઝાદીનાં ૭૫ વર્ષ બાદ આદિવાસી બહુલ કસ્બાવાડી વિસ્તારને ડ્રેનેજ સુવિધા ઉપલબ્ધ થશે. ડમ્પિંગ સાઇટ ઉપર કચરા અને સુએજ પ્લાન્ટ, ૧૪૦૦ આવાસ અને સ્વચ્છતાનો એવોર્ડ મળવો એ મહત્વપૂર્ણ બાબત હતી. સભ્ય ભાવના નાયકે શહેરના સર્વાંગી વિકાસ સાથે ઐતિહાસિક બચત નોંધપાત્ર ગણાવી હતી. પાલિકા પ્રમુખ ભાવેશ પટેલ, ઉપપ્રમુખ ભાનુ પટેલ, કેયુર વશી, પિનાકીન પંડ્યા, સરસ્વતી પટેલ, સારીકા પટેલ, ચંદ્રકાન્ત ગાઝૂલ, ધર્મેશ હળપતિ, મનિષા તલાવીયા, રેખા હળપતિ, અમિત ગજ્જર, તેમજ કિંજલ ચૌધરી, ધવલ રાઠોડ, શૈલેષ પટેલ, મુકેશ માંગી સહિતના ઉપસ્થિત રહ્યાં હતાં.

નવસારી ચેમ્બરની ચૂંટણી નો કાર્યક્રમ જાહેર

મતદાન ૦૧-૦૩-૨૦૨૬ના રોજ અને ત્યારબાદ પરિણામ જાહેર કરાશે

નવસારી : ધી નવસારી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સન ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ના બે વર્ષ માટેના હોદ્દેદારોની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

જેમાં ઉમેદવારી પત્રો તા. ૧૩, ૧૪, ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સ્વીકારવામાં આવશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની પ્રક્રિયા તા. ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી રહેશે.

મતદાન પ્રક્રિયા રવિવાર તા. ૦૧-૦૩-૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦થી સાંજે ૪:૦૦ કલાક સુધી યોજાશે. મતદાન પૂર્ણ થયા બાદ એક કલાક પછી મતગણત્રી હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ પરિણામ જાહેર કરવામાં આવશે.

વલસાડના સી.ઓ. અને વાપીના ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશનરની બદલી

વલસાડ, વાપી : વલસાડ પાલિકાના ચીફ ઓફિસર કોમલ ધાનૈયાની પારડી પાલિકાના ચીફ ઓફિસર તરીકે બદલી થઈ છે. જેઓ વલસાડ જેવી મોટી પાલિકાનો ચાર્જ સંભાળ્યા બાદ તેઓ તેનાથી નાની પાલિકાનો ચાર્જ સંભાળશે. વલસાડ નગરપાલિકામાં તેમની કામગીરી વિવાદના વંટોળમાં રહી હતી. બીજી તરફ વલસાડના નવા ચીફ ઓફિસર તરીકે વાંકાનેર પાલિકાના ગીરીશ સરૈયાની બદલી થઈ છે. તેઓ ટુંક સમયમાં ચાર્જ સંભાળશે. ઉપરાંત વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશનર અશ્વિન પાઠકની બદલી ગાંધીનગરમાં કમિશનર મ્યુન્સિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરીમાં કરવામાં આવી છે. જોકે હાલ તેમની જગ્યાએ વાપીમાં કોઈની નિમણૂંક થઈ નથી.

ટ્રક અડફેટે પોલિટેક્નિક વિદ્યાર્થિનીનું મોત

દમણમાં ટ્રકનું ટાયર યુવતી પરથી ફરી વળતા તેણીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું

દમણ : સંઘપ્રદેશ દમણમાં એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. જેમાં મશાલ ચોકથી તીન બત્તી તરફ જતા મુખ્ય માર્ગ પર મોપેડ અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં આશાસ્પદ યુવતીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

દમણના તીનબત્તી વિસ્તારમાં રહેતી અને દમણની પોલિટેક્નિક કોલેજમાં અભ્યાસ કરતી 20 વર્ષીય અંશુ ઉપાધ્યાય મોપેડ નંબર GJ 15 AL 5794 લઈને સાગર પેટ્રોલ પમ્પ પાસેથી પસાર થઈ રહી હતી. ત્યારે આવેલી એક ટ્રક નંબર GJ 26-0520 ના ચાલકે અંશુની મોપેડને ટક્કર મારતા તે રોડ પર પટકાઈ હતી. જે બાદ ટ્રકનું ટાયર અંશુ પરથી ફરી વળતા તેણીનું મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં નાની દમણ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મરવડ સરકારી હોસ્પિટલ મોકલવામાં આવી હતી. પોલીસે અકસ્માત મોત અને હિટ એન્ડ રનનો ગુનો નોંધી ફરાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. યુવાન દીકરીના આકસ્મિક મૃત્યુથી પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.

સરકારી અનાજ ભરેલી ટ્રકની ચોરી કેસમાં વોન્ટેડ ઝડપાયો

વઘઇ પોલીસે આરોપીની પલસાણામાંથી ધરપકડ કરી, મહારાષ્ટ્ર તથા ઉત્તરપ્રદેશના ગુનામાં પણ વોન્ટેડ

સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા જિલ્લામાં નોંધાયેલા ગુનાઓનાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા સૂચના આપી હતી. આ અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઇમાં સરકારી અનાજના ગોડાઉન પાસેથી અનાજ ભરેલી ટ્રક તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ટ્રકની ચોરીના કેસમાં છેલ્લા એક વર્ષથી ફરાર રહેલ આંતરરાજ્ય ગેંગનો વોન્ટેડ આરોપી મૈફુઝ અબ્દુલહઇ ખાન (ઉ.વ.24, ધંધોઃ ડ્રાઈવિંગ, રહે ઉત્તરપ્રદેશ)ની શોધખોળ ચાલી રહી હતી. તેવામાં વઘઇ પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ગઢવી દ્વારા ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સના આધારે આરોપી સુરત ગ્રામ્યના પલસાણામાં હોવાની માહિતી મળતા ટીમ બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં વઘઇ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.એસ. રાજપૂતની ટીમને પલસાણા મોકલવામાં આવી હતી. જ્યાંથી વોન્ટેડ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. અહી તપાસ દરમ્યાન જાણવા મળ્યું છે કે આરોપી તથા તેના અગાઉ પકડાયેલા સાથીદારોએ ઉત્તરપ્રદેશમાંથી એક ટ્રકની લૂંટ કરી ટ્રક પર ખોટી નંબરપ્લેટ લગાવી મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના દેવલા પોલીસ સ્ટેશનની હદમાં ટ્રકમાં મકાઇના કુલ 2523 ક્વિન્ટલ (રૂપિયા 6,17,000 કિંમત)નાં કટ્ટા ભરી ગેરકાયદે રીતે વેચાણ માટે સુરત ગ્રામ્યના માંડવી ખાતે લઈ ગયા હતા. આ બાબતે દેવલા પોલીસ સ્ટેશન (મહારાષ્ટ્ર) ખાતે પણ આરોપી સામે ગુનો નોંધાયેલો હોવાથી તે ગુનામાં પણ આરોપી વોન્ટેડ હોવાનું બહાર આવ્યું છે. હાલમાં વઘઇ પોલીસે બે ગંભીર ગુનામાં વોન્ટેડ આંતરરાજ્ય આરોપીને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરગામ-નારગોલ એપ્રોચ ઉપર ક્રેક દેખાતા અકસ્માતની ભીતિ, બ્રિજના પિલરોમાં કોઈ તિરાડ કે ક્રેક નથી

બ્રિજના એપ્રોચ રોડ ઉપર તિરાડ

વાહન ચાલકો ભોગ ન બને અને તિરાડ દેખાય તે માટે તિરાડની અંદર લાકડાના બામ્બું ગોઠવી દેવામાં આવ્યું

વાહન ચાલકો માટે બિજ બ્રિજ સલામત અને સુરક્ષિત છે : તંત્ર

ઉમરગામ : ઉમરગામ નારગોલ વારોલી નદી ઉપર બનેલા બ્રિજના એપ્રોચ રોડ પર તિરાડ પડતા તંત્ર દોડતું થયું હતુ અને તાત્કાલિક રીપેરીંગ કામ કરવામાં આવ્યુ હતુ.

કોસ્ટલ હાઈવેને જોડતો અતિ મહત્વનો ઉમરગામ નારગોલ વારોલી નદી ઉપર બનેલા બ્રિજના એપ્રોચ રોડમાં ક્રેક તિરાડ દેખાતા લોકો વાહન ચાલકોને અકસ્માતનો ડર સતાવી રહ્યો હતો. લોકો, વાહન ચાલકો ભોગ ન બને અને તિરાડ દૂરથી દેખાય તે માટે ક્રેકની અંદર

ઉમેશ સોલંકી

લાકડાના બામ્બું ગોઠવી દેવામાં આવ્યા હતા. એપ્રોચ રોડનું તાત્કાલિક મરામત થાય તે માટે તંત્રનું ધ્યાન દોરવામાં આવતા સ્ટેટ માર્ગ અને મકાન ખાતાના અધિકારી કર્મચારીઓની ટીમ દ્વારા તાત્કાલિક દોડી આવી હતી. ક્રેક તિરાડ પડેલા એપ્રોચ રોડની મરામતની કામગીરી હાથ ધરી હતી. તંત્ર પાસેથી મળતી જાણકારી મુજબ બ્રિજના પીલરોમા કોઈપણ જાતની તિરાડ કે ક્રેક નથી. પુલ સલામત અને સુરક્ષિત છે.

જાહેર નોટીસ

મોજે : ડાંભર તા.જલાલપોર જી.નવસારીની સીમમાં જુનો બ્લોક નં.૫૯૯ નો નવો બ્લોક નં. ૨૧૯ ક્ષેત્રફળ ૧-૧૩-૩૧ આકાર ૯.૮૦ પૈસા પૈકી વરાડે પડતો વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **૧. પરાગભાઈ છીબાભાઈ પટેલ ૨.લલ્લુભાઈ છીબાભાઈ પટેલ**ના એ તેઓની સયુકત માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલ એ સદરહું જગ્યા ખરીદી કરવાના હોય.સદર ખેતીની જમીનના હમારી પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માટે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઇના કાંઇપણ - પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઇપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ - પ્રસિધ્ધિ થયેથી દિન - ૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો નિયત સમયમાં કોઇપણ - પ્રકારની રજુઆતો કરવામાં નહિં આવશે તો મુદત વિતે હમો ટાઇટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું. ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ મિલકત અંગે ભવિષ્યમાં મિલકતનાં ટાઇટલ અંગે કોઈની કાંઇપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

આશિષકુમાર એ. પટેલ - એડવોકેટ
એરૂ ગામ,મોટાફળીયા,ટેકરી વિભાગ તા.જલાલપોર જી.નવસારી મોબા. નં. ૯૯૨૫૧ ૭૮૩૯૨

મોટાપોંઢા હાઈસ્કુલને બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર ન ફાળવાતા 600 વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં

મોટાપોંઢાને આ વર્ષે પણ બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર ફાળવાયું નહીં

પરિક્ષાર્થીઓએ 15 થી 20 કી.મી. દૂર વાપી, ડુંગરા, કરવડ, નાનાપોંઢા કે અન્ય પરીક્ષા કેન્દ્રો ઉપર જવું પડશે

શાળાના સંચાલક મંડળ પ્રમુખ ખુદ જિલ્લા પંચાયત સભ્ય અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અધ્યક્ષ

કેન્દ્રને ફરી શરૂ કરવા સંચાલકો સાથે લોકપ્રતિનિધિઓ પણ નાકામ

મોટાપોંઢાના પરીક્ષા કેન્દ્રને ફરી શરૂ કરાવવા સંચાલક મંડળના પ્રમુખ કેતન પટેલ કે જેઓ ભાજપ શાસિત જિલ્લા પંચાયત વલસાડનાં આ વિસ્તારના સભ્ય અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ પણ છે. સાથે આ વિસ્તારના સત્તાધારી કે વિપક્ષના આગેવાનો પણ વિદ્યાર્થીઓની મુશ્કેલી નિવારવા સરકારમાં નક્કર રજૂઆતો ન કરતા આખરે સરકારે ચાલુ વર્ષે પણ બોર્ડ પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરી નથી. કેતન પટેલે જણાવ્યું કે, ચાલુ વર્ષે પણ પરીક્ષા કેન્દ્ર માટે બોર્ડમાં જરૂરી ફાઇલો મોકલી કાર્યવાહી કરી હતી.

મંજૂરીની પ્રક્રિયા બોર્ડ દ્વારા કરવામાં આવે છે

વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજશ્રી ટંડેલે જણાવ્યું કે, મોટાપોંઢા હાઇસ્કૂલના બોર્ડ પરીક્ષાના કેન્દ્રને અગાઉ પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે રદ કરાયું હતું. જોકે ચાલુ વર્ષે પરીક્ષાનું કેન્દ્ર ફાળવાયું નથી. મંજૂરીની પ્રક્રિયા બોર્ડ દ્વારા કરવામાં આવતી હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમિત્ર વિશેષ

વલસાડ : અગાઉ 2018ના વર્ષમાં બોર્ડ પરીક્ષાઓમાં ગેરરિતી મુદ્દે બંધ કરી દેવામાં આવેલા મોટાપોઢા સેન્ટરને ચાલુ વર્ષે પણ પરીક્ષા કેન્દ્ર ન ફાળવાતા વિસ્તારના 6 શાળાના 600 થી વધુ પરિક્ષાર્થીઓએ 15 થી 20 કી.મી. દૂર જવાની ફરજ પડશે. જોકે વાલીઓમાં આ મુદ્દે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તેઓ મંજૂરી ન મળવા માટે હાઈસ્કૂલના સંચાલકો અને સ્થાનિકો લોકપ્રતિનિધિઓની નિષ્ક્રિયતા માની રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરીથી ધો.10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ત્યારે મોટાપોઢા હાઈસ્કૂલના પરીક્ષા કેન્દ્રને અગાઉ પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે રદ કરી દેવાયું હતું. જોકે ત્યાર બાદ આ કેન્દ્રને ફરી શરૂ કરાવવા શાળા સંચાલકો દ્વારા સરકારમાં રજૂઆતો કરવામાં આવી હતી. જોકે સરકારે મંજૂરી આપવામાં કોઈ રસ ન દાખવતા ચાલુ વર્ષે પણ મોટાપોઢા કેન્દ્રને મંજૂરી ન મળતા સુખાલા હાઈસ્કૂલ, અંભેટીની બે હાઈસ્કૂલ ઉપરાંત અખંડ વિદ્યાલય, ગાંધી આશ્રમ, ઘનશ્યામ હાઈસ્કૂલ મળી 6 શાળાઓ મળી કુલ આશરે 600 થી વધુ વિદ્યાર્થીઓએ 15 થી 20 કી. મી. દૂર આવેલા કરવડ, ડુંગરા, અંબાચ, અંભેટી અને નાનાપોંઢા, કરવડ પરીક્ષા કેન્દ્ર સુધી પરીક્ષા આપવા જવાની ફરજ પડશે. જેમાં તેમનો સમય અને પૈસાનો વ્યય થશે. સાથે વાલીઓએ પણ પરીક્ષા પૂર્ણ થવા સુધી નોકરી-ધંધા છોડવા પડશે. મોટાપોંઢા હાઇસ્કુલના આચાર્યએ પરીક્ષા કેન્દ્ર ચાલુ વર્ષે પણ ન ફાળવાયું હોવાનું જણાવ્યું હતું.

નવસારીમાં 35456 વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાઓ માટે નવસારીમાં સઘન તૈયારી, સમીક્ષા બેઠક યોજાઈ

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંપૂર્ણ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો

એસ.એસ.સી.માં ૨૧,૦૩૦, એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં ૯,૪૦૬ અને વિજ્ઞાન પ્રવાહમાં ૫,૦૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

નવસારી : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૬/૦૨/૨૦૨૬થી શરૂ થનાર ધોરણ-૧૦ (એસ.એસ.સી.) તથા ધોરણ-૧૨ (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ની પરીક્ષાઓને અન્વયે નવસારી કલેક્ટર કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકનું અધ્યક્ષસ્થાન ક્ષિપ્રા આગ્રેએ સંભાળ્યું હતું.

બેઠકમાં કલેક્ટરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ નિર્ભય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંપૂર્ણ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા સાથે સતત મોનિટરિંગ કરવામાં આવશે અને પરીક્ષા દરમિયાન કોઈ અડચણ ન આવે તે માટે સુચારુ આયોજન હાથ ધરાયું છે.

નવસારી જિલ્લામાં એસ.એસ.સી. પરીક્ષા માટે કુલ ૨૯ કેન્દ્રો પરથી ૨૧,૦૩૦ વિદ્યાર્થીઓ, એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં ૧૬ કેન્દ્રો પરથી ૯,૪૦૬ વિદ્યાર્થીઓ અને એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં ૦૫ કેન્દ્રો પરથી ૫,૦૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ઉપરાંત, વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓ તા. ૦૫ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે.

વિદ્યાર્થીઓની સહાય માટે 'સારથી' હેલ્પલાઇન ૧૮૦૦૨૩૩૫૫૦૦ કાર્યરત રાખવામાં આવી છે. બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી જયેશભાઈ ચૌધરી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રંગુનવાલા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લામાં બોર્ડના 52564 વિદ્યાર્થીઓ નોંધાયા

પરીક્ષા કેન્દ્રોના લોકેશન દર્શાવતા QR કોડ સાથેની પુસ્તિકાનું અનાવરણ

વલસાડ : વલસાડ જિલ્લામાં ધો 10-12 ની બોર્ડ પરીક્ષાઓની તૈયારીઓ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરી દેવાઈ છે. જિલ્લાના 57 કેન્દ્રો ઉપર 52564 વિદ્યાર્થીઓ પરીક્ષામાં નોંધાયા છે.

જે માટે વલસાડ જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં પરીક્ષાલક્ષી આયોજનની તૈયારી અંગે વિચાર વિમર્શ કરવામાં આવી હતી. બોર્ડની લેવાનારી પરીક્ષાઓ 5 ફેબ્રુઆરીથી 16 ફેબ્રુઆરી દરમ્યાન તથા મુખ્ય (થિયરી) પરીક્ષાઓ 26 ફેબ્રુઆરીથી 18 માર્ચ દરમ્યાન વલસાડ જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાશે. બેઠક દરમિયાન પરીક્ષા સંબંધિત તૈયારીઓની રૂપરેખા, વિદ્યાર્થી સંખ્યા, પરીક્ષા કેન્દ્રોની સંખ્યા તથા બ્લોક વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં સરળતા રહે તે હેતુસર પરીક્ષા કેન્દ્રોના લોકેશન દર્શાવતા QR કોડ સાથેની પુસ્તિકાનું અનાવરણ કલેક્ટરના હસ્તે કરવામાં આવ્યું હતું.

જેથી પરીક્ષાર્થીઓ સરળતાથી પોતાના પરીક્ષા કેન્દ્રના સ્થળનો QR કોડથી લોકેશન મેળવી શકશે.

આ ક્યુઆર કોડ દરેક શાળાના નોટિસ બોર્ડ ઉપર પણ લગાવવામાં આવશે.

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લોઃ નવસારી, તાલુકોઃ જલાલપોર ના **મોજેઃ સંદલપોર ગામના ખાતા નં. ૧૧૩૨, બ્લોક સરવે નં. નવો ૫૬૧ જુનો ૪૯૭ પૈકી ૧ વાળી કુલ ક્ષેત્રફળ હે.આર. ૦-૯૭-૩૦ ચો.મી. આકાર ૪.૪૫** વાળી ખેતીની જમીન તેના હાલના માલીકો પૈકી ૧) કેતનાબેન તે અશોકભાઈ દોલતરાય દેસાઈની પત્ની, ૨) સોહનભાઈ ઉર્ફે સોહનકુમાર અશોકભાઈ દેસાઈ, ૩) પુનમબેન તે અશોકભાઈ દોલતભાઈ દેસાઈની પુત્રી તે હરેશકુમાર બાબુભાઈ દેસાઈની વિધવા નાઓએ પોતાના ભાગે આવતો વણવહેંચાયેલ હિસ્સો હે.આર. ૦-૩૨-૪૩.૩૩ ચો.મી. જમીન પોતાની સંયુક્ત માલીકી, કબજા ભોગવટા, વહીવટમાં તથા ચોખ્ખા ટાઈટલ વાળી હોવાનું જણાવી સદર મીલકત હમારા અસીલ ને વેચાણથી આપેલ છે. જેથી ઉપરોક્ત મીલકતમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ, ભાગ, દર, દાવો, હિત, સબંધ વિગેરે હકકો હોય કે અન્ય પ્રકારના સમજુતી રૂએના હકક, લખાણો, લેણું કે કલેઈમ હોય કે ખોરાકી પોષાકીના હકકો હોય તો તેઓએ જરૂરી કાયદેસરના દસ્તાવેજી પુરાવાઓ સહિત નોટીસ જાહેર થયાના **દિન-૧૦** માં ઉપરોક્ત જણાવેલ ઓફિસના સરનામે અથવા તો મોબાઈલ નંબર પર સંપર્ક કરવો.

તા. ૦૪-૦૨-૨૦૨૬ **હરેશકુમાર વી. નસીત** (એડવોકેટ)

૦૨, ઓમ ચેમ્બર્સ, જલારામ મંદિર વાળી ગલી, કાલીયાવાડી, નવસારી. મો.: 97734 00130